# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2024**
**AUGUST**
૧ ઑગસ્ટ, ૨૦૨૪

**– Om Satyam Jnanam Jyotir Aravinda –**
– ॐ सत्यं ज्ञानं ज्योतिररविन्द –




What Sri Aurobindo represents in the world's history is not a teaching, not even a revelation, it is a decisive action direct from the supreme.

– The Mother

જગતના ઇતિહાસમાં શ્રી અરવિન્દ જેનું પ્રતિનિધિત્વ કરે છે તે એક ઉપદેશ નથી, કોઈ રહસ્યોદ્‌ઘાટન પણ નથી, એ તો સીધે સીધું પરમાત્મા તરફથી બની આવેલ એક નિર્ણયાત્મક કાર્ય છે.

– શ્રી માતાજી

<u>જાન્યુઆરી ૧૯૦૮:</u> સરદાર મજુમદારના વાડામાં એમના ઘરની ઊપલી મેડીના એક ઓરડામાં શ્રી અરવિન્દ અને યોગી વિષ્ણુ ભાસ્કર લેલે ત્રણ દિવસ સાથે રહ્યા. લેલેએ શ્રી અરવિન્દને મનને ની:સ્પંદ કરવાની સૂચના કરી. શ્રી અરવિન્દ તે બરાબર કરી શક્યા. શ્રી અરવિન્દ લખે છે, “મારી પોતાની બાબતમાં ત્રણ દિવસમાં તદ્દન અણધારી રીતે મને નિર્વાણનો અનુભવ થયો...”

<u>૧૯૦૮, અલીપોર જેલ:</u> "એકવાર જેલમાં પાયચારી કરતો હતો ત્યારે મેં જોયું કે મારી ચોતરફ ઊભેલી જેલની ઊંચી ઊંચી દીવાલો એ કાંઈ દીવાલો ન હતી પણ વાસુદેવ પોતે મને ઘેરીને ઊભા હતા. ... મારી ખોલીની સામે આવેલું વૃક્ષ કાંઈ વૃક્ષ ન હતું પણ વાસુદેવ સ્વયં મારા ઉપર છાંયો ઢાળતા ઊભા હતા. ... મને સૂવા મળેલો બરછટ ધાબળો એ કાંઈ ધાબળો ન હતો પણ મેં અનુભવ્યું કે શ્રી કૃષ્ણના સુકોમળ બાહુઓ મને વીંટળાઈ રહ્યા છે. ... જેલના કેદીઓ, ચોરો, ખૂની, ડાકુઓમાં મને વાસુદેવ દેખાવા લાગ્યા. એ અજ્ઞાની જીવોમાં, વણસેલાં શરીરોમાં મેં નારાયણ દીઠા. ..."

---

શ્રી અંબાલાલ પુરાણી કૃત “શ્રી અરવિન્દ જીવન” માંથી સંકલિત

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN’87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

## The Footprints of VIRAT…

**February, 1893:** As soon as Sri Aurobindo put his foot on the soil of India, he experienced a tremendous Peace. This is one of the experiences that came to him unasked.

**1901, Baroda:** Once Sri Aurobindo was going to the city in his carriage, he saw possibility of the accident, he found a being of Light in him who was as it were the master of situation.

**1903:** Sri Aurobindo was on tour with Maharaja in Kashmir, He visited hill of Shankaracharya, there without any effort he experienced the Vacant Infinite. This experience left a deep impression upon his mind.

**1904, Beginning with Pranayam:** Sri Aurobindo writes, "My experience is that the brain becomes Prakashmaya – full of Light. At that time I used to write poetry, usually I wrote 5 to 6 lines per day, and about 200 lines in a month, after pranayama I could write 200 lines in half an hour…"

**1902-1906:** During one of his visits to Chandod with friends Sri Aurobindo went to Kali temple of Karnali. Though he had no faith in Idol worship, he visited the temple with friends. He found a presence in the image. He got direct proof of the truth behind Idol worship.

**January 1908:** Sri Aurobindo remained with yogi Lele for three days in the small room on the top floor of Sardar Majumdar's wada in Baroda. Lele asked him to make his mind blank – which he did. "In three days my mind became full of eternal silence."

**1908, Alipore Jail:** "… It was while I was walking, I looked at the jail and it was no longer Jail by its high walls that I was imprisoned, no, it was Vasudev who surrounded me. I walked under the tree in front of my cell, but it was not the tree, It was Sri Krishna holding me in his shade. I lay on the coarse blankets that were given to me and I felt the arms of Sri Krishna around me, the arms of my friend and Lover. I looked at the prisoners in the jail, the thieves, the murderers, the swindlers, it was Narayan whom I found in the darkened souls and misused bodies…"

---

Edited from 'The Life of Sri Aurobindo"
By A.B. Purani

## વિરાટની પગલીઓ …

<u>૧૮૯૩ ફેબ્રુઆરી:</u> હિન્દની ભૂમિ પર પગ મૂકતાં જ શ્રી અરવિન્દને એક પ્રકારની અસીમ શાંતિનો અનુભવ થયો. એ અનુભવ મહિનાઓ સુધી કાયમ રહ્યો. હિન્દમાં આવતાં જ થયેલો આ અનુભવ આધ્યાત્મિક હતો.

<u>૧૯૦૧, વડોદરા:</u> એકવાર શ્રી અરવિન્દ એમની ઘોડાગાડીમાં શહેર તરફ જતા હતા ત્યારે રસ્તા પર ગાડીને અકસ્માત થવાનો સંભવ આવ્યો, ત્યારે શ્રી અરવિંદની અંદરથી કોઈ દિવ્ય પુરુષ પ્રગટ થયો જેને તેમણે જોયો, જે આખી પરિસ્થિતિનો અધિષ્ઠાતા હતો.

<u>૧૯૦૩</u> માં શ્રી અરવિન્દ મહારાજા સાથે કશ્મીરના પ્રવાસમાં હતા ત્યારે શંકરાચાર્યની ટેકરી ઉપર ગયા ત્યારે, ત્યાં અનાયાસે શૂન્યાત્મક અનંતતાનો સઘન અનુભવ થયો જેની ઘણી ઊંડી છાપ પડી.

<u>૧૯૦૪ પ્રાણાયામ દ્વારા યોગાભ્યાસ:</u> શ્રી અરવિન્દના શબ્દોમાં, "મારો અનુભવ એવો છે કે એનાથી બુદ્ધિ અને મગજ પ્રકાશમય બને છે. … તે વખતે હું કવિતા લખતો હતો. પહેલાં સામાન્ય રીતે રોજની પાંચ-છ લીટીઓ અને મહિનામાં ૨૦૦ લીટીઓ જેટલી લખાતી, પણ પ્રાણાયામ પછી હું ૨૦૦ લીટીઓ અડધા કલાકમાં લખી શકતો. … પ્રાણાયામ પછી અવિશ્રાંતપણે કામ કરવાની શક્તિ પણ આવી હતી.

<u>૧૯૦૨ થી ૧૯૦૬ દરમિયાન:</u> શ્રી અરવિન્દ બે-ત્રણ વખત રાજ્યના મિત્રો સાથે ચાણોદની મુલાકાતે ગયા હતા. પાસે કરનાળીમાં કિનારા ઉપર કાળીમાતાનું મંદિર હતું. આમ તો શ્રી અરવિન્દને મૂર્તિપૂજામાં શ્રદ્ધા ન હતી પણ જયારે મંદિરમાં ગયા ત્યારે તેમણે મૂર્તિમાં માતાજીની હાજરી જોઈ ત્યારથી મૂર્તિપૂજાના સત્યની પ્રતીતિ થઈ.